# ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસ

Indian Youth Congress

રાજીવ ગાંધી ભવન, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૬

**મુકેશ આંજણા**

ચેરમેન ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસ મીડીયા વિભાગ

**અખબારી યાદી** **તા. ૨૦-૦૨-૨૦૨૬**

- **યુવા કોંગ્રેસ દ્વારા ગિગ વર્કર સાથે 'ન્યાય અભિયાન' અંતર્ગત સંવાદ કાર્યક્રમ યોજાયો**
- **ગિગ વર્કરએ પોતાની સમસ્યાઓ ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસ સામે રજૂ કરી**
- **ગિગ વર્કરની દરેક સમસ્યાનું નિરાકરણ લાવવા માટે યુવા કોંગ્રેસ મેદાને**

ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસ દ્વારા અમદાવાદમાં આવેલ ઈન્દુલાલ યાજ્ઞિક ગાર્ડન ખાતે ગિગ વર્કર સાથે 'ન્યાય અભિયાન' અંતર્ગત સંવાદ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા મનીષ દોષી અને શાહનવાઝ શેખ ઉપસ્થિત રહ્યા હતા . આ કાર્યક્રમ ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના પ્રમુખ પ્રવિણસિંહ વણોલની યજમાનની હેઠળ યોજાયો હતો.

આ પ્રસંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવક્તા મનીષ દોશીએ જણાવ્યું હતું કે, જ્યારથી દેશમાં 2014માં કેન્દ્રમાં ભાજપ સરકાર આવી છે ત્યારથી બેરોજગારી દર વધી રહ્યો છે. છેલ્લા 45 વર્ષનો બેરોજગારીનો રેકોર્ડ તૂટી ગયા છે અને ગિગ વર્કની કોઈ સમસ્યા સાંભળતું નથી. યુવા કોંગ્રેસ દ્વારા તેમની લડાઈ લડવામાં આવશે અને તેઓને ન્યાય પણ અપાવવામાં આવશે .તેઓએ વધુમાં જણાવ્યું હતું કે ગિગ વર્કર ન્યાય અભિયાનનો હેતુ તમામ ગિગ વર્કર છે તેઓને ગૌરવ, સુરક્ષા અને સન્માન આપવા માટેની લડાઈ છે. હાલના સમયમાં તેમનો કોઈ ન્યૂનતમ આવકની ગેરંટી નથી, દૈનિક કમાણી અનિશ્ચિત છે અને તે સતત ઘટતી જઈ રહી છે ગિગ વર્કરના આઈડી બ્લોક કરવામાં આવે છે. આરોગ્ય વીમો, અકસ્માત કવર, માતૃત્વ લાભ પેન્શન કે વૃદ્ધાવસ્થા સુરક્ષા જેવી બાબતમાં સહાય કોઈ આપવામાં આવતી નથી ગિગ વર્કરને તમામ ફાયદો મળે તે માટે યુવા કોંગ્રેસ ન્યાય અપાવવા માટે લડાઈ લડશે.

ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના પ્રમુખ પ્રવિણસિંહ વણોલે જણાવ્યું હતું કે આજની સ્થિતિ અત્યંત ચિંતાજનક અને અમાનવીય બની ગઈ છે, કંપનીઓની નફાખોરી, દસ મિનિટમાં ડિલિવરી જેવા અસંભવ દબાણો અને કેન્દ્ર સરકારની ઉદાસીનતા એ લાખો યુવા વર્કર્સને શારીરિક- માનસિક થાક અને આર્થિક અસ્થિરતામાં ધકેલી દીધા છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે Zomato, Swiggy, Blinkit, Zepto, Ola, Uber કામ કરતા ગિગ વર્કર્સની સંખ્યા ઝડપીથી વધી રહી છે પરંતુ કંપનીઓ દ્વારા માત્ર સ્વાર્થભરી નીતિ અપનાવવામાં આવી રહી છે અને તેમની સમસ્યાનો પણ અનેક છે. આવનારા સમયમાં યુવા કોંગ્રેસ તેમને ન્યાય અપાવવા માટે લડાઈ લડશે તેવું તેઓએ જણાવ્યું હતું.

અમદાવાદ પૂર્વ કોર્પોરેટર શાહનવાઝ શેખે જણાવ્યું હતું કે ,જ્યારે દેશમાં ભારત જોડે યાત્રા હતી ત્યારે દેશના નેતા રાહુલ ગાંધીએ પણ ગિગ વર્કર સાથે સંવાદ કર્યો હતો તેઓની સમસ્યા સાંભળવામાં આવી હતી. યુવા કોંગ્રેસની ટીમ દ્વારા ગિગ વર્કરને ન્યાય અપાવવા માટે લડાઈ લડશે અને તેમની જોડે સંવાદ કરીને સમસ્યાઓ ઉજાગર કરવામાં આવશે. હાલના સમયમાં સામાજિક સુરક્ષા અને અકસ્માત વીમો, આરોગ્ય વીમો, અકસ્માત કવર, હોસ્પિટલ ખર્ચ માતૃત્વ લાભ અને અપંગતા સહાય માટે કોઈ ફાયદા આપવામાં આવતા નથી, વધુમાં તેઓએ જણાવ્યું હતું કે કાનૂની દરજજો અને સંરક્ષણ ગિગ વર્કર્સને શ્રમ કાયદાઓ હેઠળ સંરક્ષણ મળે, સાથે સાથે ગિગ વર્કર માટે હેલ્પલાઇન વ્યવસ્થા ગોઠવવામાં આવે તેવી પણ માંગ કરવામાં અને જે પણ ગિગ વર્કરની લડાઈ હશે તે આવનારા સમયમાં યુવા કોંગ્રેસ લડશે તેવી વાત કરવામાં આવી હતી.

આ પ્રસંગે ભારતીય યુવા કોંગ્રેસના સહ સચિવ અને ગુજરાતના સહ પ્રભારી અંજના બૈરવાએ જણાવ્યું હતું કે ગુજરાતમાં તમામ મોટા શહેરોમાં ગીગ વર્કર સાથે સંવાદ કરીને તેઓની સમસ્યા સાંભળવામાં આવશે અને ન્યાયની લડાઈ પણ લડવામાં આવશે તેવું જણાવ્યું હતું.

ગિગ વર્કર ન્યાય અભિયાન અંતર્ગત સંવાદ કરતા ગિગ વર્કર્સઓએ પોતાની સમસ્યાઓ રજૂ કરી હતી. જે જ્યારે કોઈ કંપનીમાં નોકરી મળે છે ત્યારે આઈડી બનાવવા માટે 500 થી લઈને 1500 રૂપિયા ફી લેવામાં આવે છે પછી પાછા આપવામાં આવતા નથી. સાથે સાથે નવા રાઈડરોને ઉમેરો કરીને જૂના રાઈડરોનો પગાર ઓછો કરી દેવામાં આવે છે અને નવા લોકોનો પગાર વધારી દેવામાં આવે છે તેવી અનેક સમસ્યાઓ પણ રજુ કરવામાં આવી હતી.

આ પ્રસંગે ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના ઉપપ્રમુખ ઉવેશ મન્સૂરી, ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના મહામંત્રી ચિરાગ દરજી, અમદાવાદ શહેર પ્રમુખ ઈમરાન સિંધી, યુવા કોંગ્રેસ ભાવેશ ગુર્જર,NSUI રાષ્ટ્રીય સંયોજક ભાવિક સોલંકી, NSUI પૂર્વ સિટી પ્રમુખ આસિફ પવાર વગેરે આગેવાનો જોડાય હતા.

(મુકેશ આંજણા)

મો. ૯૭૨૩૪૫૮૧૫૮